GBA
SINCE 1992
BUILDER'S FORUM

## GANDHINAGAR BUILDERS' ASSOCIATION

Office : 305, Shreenath Complex, Plot : 292, Sector-22,
Gandhinagar - 382022 **Ph. : (0) 23241151** email : gnrbuilder@yahoo.co.in

ચાલુ છે. અને મેટર સબજ્યુડીશ પણ છે. પરંતુ આ કોર્ટ કેસથી આ હાલના સંજોગોમાં ઉપસ્થિત પાર્કીંગનો પ્રશ્ન હલ થવાનો નથી તો અમો એસોસીએશન આપની સાથે રહી સે-૧૧ના કોમ્પ્લેક્ષોના પ્રતિનિધિ સાથે બેઠક કરી પ્રશ્નનો સંપૂર્ણ ઉકેલ લાવી શકાશે તેવી અમારી રજુઆત છે. માત્ર ભોંયરામાં નાની તોડફોડ કરવાથી પાર્કીંગનો આ વિકટ પ્રશ્ન ઉકેલ કરતાં વધારે ગુંચવાશે તેવં અમારું મંતવ્ય છે.

તદ્દઉપરાંત આજે ગાંધીનગરના નવા સચિવાલય, એમ.એસ.બિલ્ડીંગ અને વિધાનસદનમાં આટલી સીક્યોરિટી હોવા છતાં અને ભોંયરામાં સંપૂર્ણ પાર્કીંગ વ્યવસ્થા હોવા છતાં સરકારે ગાડીઓ સચિવાલયના ભોંયરામાં પાર્કીંગમાં મુકવાની પાબંદી કરેલ છે. અને બધી જ ગાડી ખુલ્લામાં બીલ્ડીંગથી ઘણી દુર મુકવવામાં આવે છે સેક્ટર-૧૧માં આવેલા મોટા બહુમાળી મકાનોની સીક્યોરીટીની દષ્ટિએ હાલના વિકટ સંજોગોમાં ગાંધીનગરમાં સરકારે રેડએલર્ટ જાહેર કરી છે ત્યારે ભોંયરામાં પાર્કીંગ કરવું કેટલું ઉચિત રહેશે. તે પણ આપશ્રીએ વિચારવાનું રહેશે. સે.૧૧ના બહુમાળી મકાનો એ ગાંધીનગરનું કોમર્શીયલ હબ છે જ્યાં રોજ હજારો માણસોની આવનજાવન છે તેની સલામતીનો ગંભીર પ્રશ્ન નજર અંદાજ કરવા જેવો નથી.

ઉપરોક્ત પરિસ્થિતિ અને રજુઆતોને ધ્યાનમાં લઈ એક લાંબા ગાળાની યોજના બનાવી તેને કાર્યભૂત કરવા અને પાર્કીંગના પ્રશ્નનો ઉકેલ વહેલી તકે લાવવા આપશ્રી જરૂર પડે અમારી સાથે વિશદ ચર્ચા વિચારણા કર્યા બાદ જરૂરી નિર્ણય લેશો તેવી આશા છે.

આપનો વિશ્વાસુ,

(અમરિષ વ્યાસ)

પ્રમુખ

**બિડાણ :**

(૧) તા.૧૫-૪-૧૯૮૯નો મુખ્ય સ્થપતિ અને નગર નિયોજકશ્રીનો પત્ર

**નકલ રવાના :**

(૧) માન.મંત્રીશ્રી શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ
(૨) સચિવશ્રી શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ
(૩) કલેક્ટરશ્રી ગાંધીનગર
(૪) સચિવશ્રી માર્ગ અને મકાન વિભાગ

AMRISH VYAS PRESIDENT • MUKESH PATEL VICE PRESIDENT • DARSHAN DAVE SECRETARY • JAYESH GANDHARVA ORG. SECRETARY • PIYUSH PATEL TREASURER